# Nirma University
# Library Resource Centre

NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A+' GRADE

Publication: **Nav Gujarat Samay** Edition: **Ahmedabad**
Date & Day: **07/04/2022 (Thur)** Page No: **04**

---

# નિરમા યુનિવર્સિટીએ A+ ગ્રેડ સાથે નેકની માન્યતા મેળવી

**નવગુજરાત સમય** > અમદાવાદ

અમદાવાદની નિરમા યુનિવર્સિટીને નેશનલ અસેસેસમેન્ટ અને એક્રિડિટેશન કાઉન્સિલ(એનએએસી) દ્વારા A+ ગ્રેડ આપવામાં આવ્યો છે. આ ગ્રેડ ઉત્તમ શૈક્ષણિક ગુણવત્તા અને સંશોધનની સુવિધા ધરાવતી સંસ્થાઓની નિશાની છે.

એનએએસી એ યુજીસીની ઓટોનોમસ સંસ્થા છે જે ઉચ્ચત્તમ શૈક્ષણિક સંસ્થાઓની શૈક્ષણિક ગુણવત્તાનું માપ કાઢવા ચકાસણી અને માન્યતા આપે છે. કોઈ પણ સંસ્થાની ગુણવત્તા ચકાસવાના બે પાસા હોય છે ગુણાત્મક અને માત્રાત્મક. માત્રાત્મક ચકાસણી થર્ડ પાર્ટી દ્વારા જમા કરાવેલા દસ્તાવેજોને આધારે નક્કી થાય છે. જ્યારે વરિષ્ઠ શિક્ષણવિદ્દોની ટીમ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વાલીઓ કે સંસ્થાના મેનેજિંગ બોર્ડના સભ્યોને મળીને તપાસ દ્વારા ગુણાત્મકપાસાતપાસેછે.આપહેલાનિરમા યુનિ.ને એ ગ્રેડ મળ્યો હતો. આ વખતની ત્રીજી સાઈકલમાં હવે A+ ગ્રેડ મળ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ શિક્ષણમાં આ ગ્રેડિંગથી નિરમા યુનિ.ની ખ્યાતિ વધશે.




ગુજરાતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આ ગ્રેડ મેળવનાર નિરમા એક માત્ર ખાનગી સંસ્થા છે. નેકની ટીમ દ્વારા 29થી 31 માર્ચ દરમિયાન યુનિવર્સિટીની મુલાકાત લેવાઈ હતી. આ ગ્રેડ પાંચ વર્ષ સુધી માન્ય ગણાશે. નિરમા યુનિ.ના ડિરેક્ટર જનરલ ડોક્ટર અનુપ સિંઘે આ વિશે જણાવ્યું હતું કે, નિરમા યુનિવર્સિટીએ સમયાંતરે B+ થી A+ ગ્રેડ સુધી પ્રગતિ કરી છે જે એક અનોખી સિદ્ધિ છે. આ ગ્રેડ થી અમને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અમારી પાંખો વધુ ફેલાવવાની તક મળશે. આઈક્યુએસીના કો-ઓર્ડિનેટર ડોક્ટર તેજલ મહેતાએ જણાવ્યું કે સંશોધન, સુવિધા, શિક્ષણના માધ્યમો, ચકાસણી, સર્જનાત્મકતા અને વહીવટના પાસાના અવલોકન બાદ આ ગ્રેડ અપાયો છે. આ ગ્રેડથી નિરમા સાથે જોડાયેલી દરેક વ્યક્તિનો ઉત્સાહ વધ્યો છે. સાથે અમારા માટે નવી ક્ષિતિજ ખુલી છે.